સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

અન્નાને આવી, વય-વિસ્મૃતિ, લોકપાલ ભૂલાયા!
લિંપાયેલા બધા નેતાઓની લોકાયુક્ત લોપાયા!
છુપાયા મુખત્યારો સંસદીય બૂરખા પાછળ -
આપણા નશીબમાં કૌભાંડી નેતાઓ જ થોપાયા!

ભૂલે સિદ્ધાંત,
સત્તાના શિરા માટે -
થાય છે સાધુ!
(કિરણબેદી-કેજરીવાલ)

ચૂંથે નેતાઓ,
શિક્ષણ પારેવાં ને -
વેપારી શ્વાનો...
(નેતાઓ જ સંચાલક ને સરકાર)

હાઈકુ

ચિંતન

અધનસ્ય બુદ્ધિનં વિદ્યતે

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નિર્ધનને બુદ્ધિ હોતી નથી.

આ દુનિયામાં નિર્ધનતા સૌથી મોટો અભિશાપ છે. દરિદ્ર વ્યક્તિની બુદ્ધિ કાં તો અભાવોથી નષ્ટ થઈ જાય છે કાં તો પૂર્ણ પણે વિકસતી જ નથી. ધનના અભાવથી જીવનનિર્વાહની ચિંતા જ એને એટલો બધો આકુળવ્યાકુળ બનાવી મૂકે છે એ સિવાય એને કશું સૂઝતું જ નથી.

ધનનો અભાવ, ગરીબીમાં જીવન બોજ બની જાય, જીવી જવાની ચિંતામાં બુદ્ધિ બહેર મારી જાય, વિચારશક્તિ કુંઠિત થઈ જાય, અને પરિણામે બુદ્ધિપૂર્વકના નિર્ણયો લેવામાં બાધાઓ ઉત્પન્ન થાય છે.

ભૂખ્યો માણસ શું પાપ કરતો નથી?!

સુવિચાર

- સૂર્ય શો, હું... આથમીને સભ્ય એ સમજી શક્યો,
  માત્ર ઉગતા સૂર્યને સૌની સલામી હોય છે - **હેમંત પૂણેકર**
- કોઈ પણ બાબતનું એટલું બધું 'એનાલિસિડ' ન કરવું કે
  મગજનું 'પેરાલિસિસ' થઈ જાય - **અભિયાન**
- જિંદગી એક એવી કવિતા છે કે, જેને લખ્યા પછી
  ભૂંસવા માટે રબ્બરના વિકલ્પમાં જાત ન ઘસવી પડે - **મનહર મોદી**
- ન કરો જુર્રત કિસી કે વક્ત પે હંસને કી કભી, યે વક્ત હૈ જનાબ ! ચેહરે યાદ રખતા હૈ !! - **અમૃતબિંદુ**
- સંબંધ એટલે... દુઃખમાં અકબંધ અને સુખમાં નિબંધ - **હંસલ ભચેચ**
- 'શ્વાસ' ગયો તો બધા સાથે ચાલતા હતા - **મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : અર્ધો તોલો વાટેલી રાઈ અને અર્ધા તોલો મીઠું ગરમ પાણીમાં પીવાથી ઊલટી થઈ ગઈ ઝેર બહાર નીકળી જાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

જ્ઞાની-વિદ્વાન અને પ્રજાના મનની વાત સમજદાર નેતાને તેના મદદનીશે તૈયાર કરેલાં - લખેલાં ભાષણોની જરૂર પડતી નથી.

દિલ્હીના આકાશવાણી કેન્દ્ર પર લાઈવ બ્રોડકાસ્ટ રેડિયો પર જવાહરલાલ નેહરુ સ્ટુડિયોમાં બેઠા હતા. નહેરુ જે રૂમમાં બેઠા હતા. ત્યાં ખુરશી ટેબલ અને માઈક હતા. સામે કાચની બારી જેમાંથી બ્રોડકાસ્ટીંગનું કામ સંભાળતા ટેકનિકલ કર્મચારી હતા. યુવાન ટેનિકશીયન હાથથી ઈશારો કરે કે તુરત નહેરુએ ભાષણ ચાલુ કરવાનું હતું. ભાષણ શરુ કરવાને ૫ સેકંડ બાકી હતી અને પેલા યુવાને ઈશારો કર્યો નહીં એટલે નહેરુએ તેને ઈશારાથી પૂછ્યું 'શું થયું ??' યુવાને દરવાજો ખોલી નહેરુ વાળા રૂમમાં આવી કહ્યું, 'આપે પ્રવચન આપવાનું છે પણ તે કાગળો કયાં છે ?? એટલે માટે એ માઈક્રોફોન...' નહેરુએ જવાબ આપ્યો, 'અરે ભાઈ હું દર વખતે પ્રજા સાથે સીધી દિલથી જ વાત કરું છું. હું ગોખેલું બોલી જતો નથી કે નથી કોઈ લખેલા પ્રવચનનો સહારો લેતો.' યુવાને કહ્યું 'ક્ષમા કરજો' દોડીને યુવાને પોતાની ખુરશીમાં ગોઠવાઈ હાથથી નહેરુને ઈશારો કરી પ્રવચન શરુ કરવા કહ્યું.

કાશમીરને હસવુંય છે ને લોટેય ફાકવો છે

તંત્રીસ્થાનેથી...

આઝાદી પછીનાં વર્ષોમાં અત્યાર સુધી કાશ્મીર એટલા માટે ચર્ચામાં ને સમાચારોમાં હતું કે ત્યાંની સ્થિતિ, ત્યાં ફેલાયેલી અરાજકતા અને એના પર આપણો કેટલો અખત્યાર છે એની ચિંતા દેશને સતાવતી હતી. અને હવે કાશ્મીર એટલા માટે સમાચારોમાં છે કે ત્યાં આપણા સૈનિકો પર પથરાવ થયો અને આપણા સૈનિકો ઉપર ત્યાંના લોકો કેટલો અત્યાચાર કરે છે એ સામે આવ્યું. આ અંગેની વિડીયો ક્લિપ પણ સોશિયલ મીડિયા પર આઠેક દિવસથી ફરી રહી છે ને જેમ જેમ એ ક્લિપ આગળ વધી રહી છે તેમ તેમ દેશના લોકોનો રોષ કાશ્મીર પ્રત્યે વધી રહ્યો છે.

આમાં ધ્યાન ખેંચે એવી અને લોકોનાં રોષનું કેન્દ્ર બનેલી બાબત એ છે કે આપણા સૈનિકો પર પથરાવ કરનારા કે એમના ઉપર હાથ ઉપાડનારા કાશ્મીરના આતંકવાદીઓ નથી, સામાન્ય લોકો છે. એમાંય અંગ્રેજી અખબારોમાં ને ઈલેક્ટ્રોનિક મીડિયામાં તો કૉલેજીયન યુવતિઓ હાથમાં પથ્થર લઈને સૈનિકો પર ફેંકતી હોય એવી તસવીરો પ્રગટ થઈ છે ને ત્યારથી હવે દેશના નાગરિકોમાં કાશ્મીરની મનોવૃત્તિ વિશે જ સવાલો પ્રગટવા લાગ્યા છે. દેશના સામાન્ય નાગરિકોય હવે કાશ્મીર વિશે વાત કરતા થઈ ગયા છે.

અલબત્ત, કાશ્મીરની મનોવૃત્તિ પહેલેથી જ શંકાસ્પદ રહી છે. ભારતે કાશ્મીર માટે કંઈ જ કર્યું નથી એવું તો ખુદ પાકિસ્તાન પણ કહી શકે એમ નથી. નાણાંની વાતને બાજુએ મૂકીએ તોય આપણે કાશ્મીર માટે ને કાશ્મીરના લોકો માટે જેટલા જવાનોના જીવ ખોયા છે એટલા તો એક નાનકડા દેશે પણ નહીં ખોયા હોય. અને તોય હજુ કાશ્મીરને સાચવવાનું આપણે છોડ્યું નથી. હા, એ વાત પણ સ્વીકાર્ય કે આપણે કાશ્મીરને રાજકીય રીતે નથી જીતી શક્યા એમ કાશ્મીરમાં વસતા નાગરિકોનાં દિલ પણ નથી જીતી શક્યા અને દિન-પ્રતિદિન કાશ્મીર આપણા હાથમાંથી સરકતું દેખાઈ રહ્યું છે.

પરંતુ, તેમ છતાં આપણા સૈનિકો ઉપર પથરાવ એ કાશ્મીરની નૈતિકતા સામે સવાલ તો ઊભા કરે જ છે. આ પરિસ્થિતિમાં મહેબૂબા મુફ્તિ સંવાદ કરવાની માગ કરી રહ્યા છે અને કેન્દ્ર સરકાર તેમની સાથે સંમત નથી. કેન્દ્રનું કહેવું છે કે પહેલાં પથરાવ જેવી ઘટનાઓ બંધ થવી જોઈએ. મંત્રણા ત્યારે જ શક્ય બનશે જ્યારે સામે પક્ષે મંત્રણા પૂરતીય શાંતિ સ્થપાશે. કેન્દ્ર સરકારની આ બાબત સાથે દેશ સંમત છે. એક તરફ તમે શાંતિની સ્થાપના જ કરવા માગતા ન હોવ અને બીજી તરફ શાંતિ માટે મંત્રણાની માગ કરો એ કેટલું યોગ્ય છે ? કાશ્મીર એ કરી રહ્યું છે.

કાશ્મીર આપણા હાથમાં નથી રહ્યું કે નથી આવ્યું એ માટે કેન્દ્ર સરકારો જેટલી જવાબદાર રહી છે એના કરતાંય વધુ રાજ્ય સરકારો જવાબદાર રહી છે એવો દાવો ઘણીવાર વિવેચકો દ્વારા કરવામાં આવ્યો છે. હવે પથરાવની ઘટના પછી આ દાવો ઘણાને સાચો લાગી રહ્યો છે. કાશ્મીરને ભારત સાથે ભળવા દેવામાં કે ભારતનો એક ભાગ બનાવવામાં કેન્દ્રની નહીં પરંતુ રાજ્યતંત્રની મનોવૃત્તિનો અભાવ હતો એ હવે સ્પષ્ટ રીતે બહાર આવી રહ્યું છે.

તેમ છતાંય ન માત્ર દેશ પરંતુ કેન્દ્રની લાગણીય કાશ્મીર સાથે સંકળાયેલી છે. પરંતુ કાશ્મીરે પોતાની નાપાક હરકતો તો બંધ કરવી જ પડશે. એ વિના સુલેહ શક્ય નથી.

જીવનમાં સારા જ્ઞાનનું આચરણ કે કર્મ કરવું એ સાફલ્યનો પાયો છે

જ્ઞાન અને કર્મ
દુર્ગેશ ઉપાધ્યાય

જ્ઞાન અને કર્મ બંને માનવીના જીવનના અભિન્ન અંગ છે. જ્ઞાન એટલે જાણકારી. કોઈ પણ વસ્તુની, કાર્યની જાણકારી મેળવવી. તેને સમજવું એટલે જ્ઞાન મેળવવું કહી શકાય. જયારે કર્મ એટલે માણસ જે આચરણ કરે, કાર્ય કરે તે બધું જ કર્મ. આ બંને વચ્ચે ગાઢ સંબંધ છે.

તમને જે વસ્તુનું જ્ઞાન હશે, તે પ્રમાણે તમે કાર્ય કરશો. દા.ત. મને કોમ્પ્યુટરથી કામ કરવાનું જ્ઞાન હશો તો હું કોમ્પયુટર દ્વારા કામ કરી શકીશ. પણ તે ચલાવવાનું જ્ઞાન નહીં હોય તો એ સાધન મારા માટે નકામું છે.

> **જ્ઞાન સંકટભરી સ્થિતિમાં સ્થિરતા આપે છે, એટલે જ્ઞાની મુશ્કેલીમાં પણ સ્થિતપ્રજ્ઞ રહે છે**

આમ સાધનને સાધ્ય કરવા પહેલાં તેનું જ્ઞાન હોવું કે મેળવવું જરૂરી છે. જ્ઞાનનો ભંડાર જેટલો વધુ તેટલું જીવન ઉત્તમ એમ કહેવાય છે. કારણ કે તમારી પાસે જે બાબતનું જ્ઞાન હશે, તેનો ઉપયોગ કરી જીવનને ઉત્તમ બનાવી શકાશે.

લાકડામાં અગ્નિ રહેલો છે. એટલું જાણી લેવાથી કશું કામ સરતું નથી. લાકડાને સળગાવીને અગ્નિ પ્રગટાવતાં આવડે તો અગ્નિ મળી શકે. અને આ અગ્નિ દ્વારા ભોજન બનાવી શકાય. એવી જ રીતે સાકરનો ગુણધર્મ મીઠાશ છે. એટલું જાણળાથી મોં મીઠું થતું નથી. એ માટે તેને મ્હોંમાં મૂકવાનું કર્મ કરવું પડે છે. તો મીઠાશ પ્રાપ્ત થાય છે.

એટલે એકલું જ્ઞાન હોવું જ કામ લાગતું નથી, જયાં સુધી તેને આચરણમાં ન ઉતારો. જ્ઞાનની સાથે કર્મ એ રીતે વણાયેલું છે.

ઘી ખાવાથી તાકાત મળે એ જાણવાથી શરીરને તાકાત મળવાની નથી. પણ એને ખાવું પડશે. આ ખાવું એ કર્મ છે. એ ખાવ પછી એને પચાવો તો જ શરીરને પોષણ મળે. એમ જ્ઞાનને કર્મ સાથે જોડી એને વર્તન ઉતારવું અથવા પચાવવું તો જ ફાયદો થાય. ઈશ્વર કે અલ્લાહના નામનું માત્ર રટણ કરવાથી. તેની પ્રાપ્તિ થતી નથી. તેના માટે અંતર આત્મા જાગૃત કરી તે નામને પચાવવું પડે તો સિદ્ધિ-સફળતા મળે છે.

વળી જ્ઞાન સાથે વિવેક પણ જરૂરી છે. એ બુદ્ધિ અને તર્ક સાથે જોડાય છે. જેમ કે ફણસને કાપવા માટે હાથમાં તેલ લગાવી કાપવામાં આવે છે. જેથી તેનું દૂધ હાથમાં ચોંટી ન જાય, કારણ કે તે ધોવું કે ઉખાડવું અઘરું પડે છે. એમ જ્ઞાન સાથે વિવેક વાપરવો પડે છે. વિવેકરૂપી તેલનો ઉપયોગ હૃદય અને મન પર ચોપડી સંસારરૂપી ફણસનો ઉપયોગ થઈ શકે છે. વિવેકબુદ્ધિપૂર્વક જ્ઞાનનો ઉપયોગ જ સાચા જ્ઞાનીનું લક્ષણ છે. જીવનના દરેક કર્મમાં વિવેક બુદધિ વાપરવી પડે છે. પણ તે જ્ઞાનપૂર્ણ હોય તો જ કર્મ સફળ થાય છે. એ જ તો સદ્‌કર્મીનું રહસ્ય છે.

વળી જ્ઞાની માણસ નમ્ર હોવો જોઈએ જ્ઞાન અને નમ્રતા પણ સાથે રહે છે. જ્ઞાનનો અહંકાર પેદા થાય તો એ નકામું છે. અહંકાર અનેક દુઃખો પેદા કરે છે. જ્ઞાનની વૃત્તિ અંતર્મુખી છે. તે વિઘ્ન, સકટ અને સફળતામાં નિર્વિકાર રહે છે. જ્ઞાન સંકટભરી સ્થિતિમાં સ્થિરતા આપે છે. એટલે જ્ઞાની મુશ્કેલીમાં પણ સ્થિતપ્રજ્ઞ રહે છે.

કોઈ ધનવાનને ત્યાં કામ કરતી નોકર બાઈ જેમ સમજે છે કે, આ ધન, સંપત્તિ પોતાની નથી. તે છતાં તે મન પરોવી કામ કરે છે. તે રીતે આ જીવન, દેહ, એ સંપત્તિનો મોહ રાખ્યા વિના સદ્‌કર્મમાં રત રહેવું એ જ્ઞાનીનું પ્રથમ લક્ષણ છે.

જીવનમાં જેટલું જ્ઞાન વધુ એકત્ર કર્યું હશે એટલું સારું જીવી શકાશે. કારણ કે આપણું જ્ઞાન આપણા કર્મમાં દેખાઈ આવે છે. સારું જ્ઞાન સત્કર્મ કરાવે છે. ખોટું કે જ્ઞાનની વિકૃતિ ખોટાં ખર્મ કરાવે છે. એટલે જીવનમાં સારું જ્ઞાન અને તેનું આચરણ કે કર્મ કરવું એ સાફલ્યનો પાયો છે.

સાહિત્યમાં 'વિહાર' અને સાહિત્યની સ્થિતિનું સત્ય

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા કેટલાંક સમયથી ગુજરાતી સાહિત્યની પનોતી ચાલી રહી હોય એવું લાગે છે. શની અને રાહુ-કેતુ ગ્રહોની વચ્ચે ગુજરાતી સાહિત્ય ફસાઈ ગયું છે. છેલ્લા સો વર્ષમાં સાહિત્યની જેટલી ચર્ચા નથી થઈ તેનાથી અનેક ગણી ચર્ચા – વિવાદ છેલ્લા બે વર્ષમાં થયો છે. જેને કારણે ગુજરાતની મોટાભાગની જનતાને 'ગુજરાતી સાહિત્ય' જેવો શબ્દ સાંભળવા મળ્યો છે. અને મોટાભાગના સાહિત્યકારો જીવિત હોય છે એની જાણ પણ થઈ છે.

છેલ્લા બે અઠવાડિયાથી ''દિવ્ય ભાષ્કર''માં શ્રી કાના બાંટબા સાહિત્યજગતનો ''વિહાર'' કરી રહ્યા છે. બક્ષી શૈલીમાં સાહિત્ય પરિષદ અને સાહિત્યકારોને મોટાકદનો અરીસો બતાવી રહ્યા છે. તેમણે પત્રકારત્વની તેજાબી (?) ભાષામાં કેટલાય વ્યંગ્યાત્મક અને વિવાદાસ્પદ શબ્દો પ્રયોજીને ખૂબ ચાબખા માર્યા છે. સાહિત્ય નામની જણસ પર સુવાંગ કબજો ભોગવવાની કેટલાકની મનોદશા તેઓએ પકડી પાડી છે. વળી ''દરેક વાડાનો એક વાડેદાર છે'' આ વાતમાં પણ સત્ય છે જ. તેમણે સર્જકોને ધારદાર વ્યગ્ય કર્યો છે કે '' પ્રજા તમને ક્યાં ઓળખે છે ? ક્યાં વાચે છે ? પ્રજા દસ સાહિત્યકારોના નામ પણ જાણતી નથી.'' તો પછી આ વિવાદ, આ ઝગડા આ દાવપેચ આ વાડાબંધી આ સ્વીકૃતિ – અસ્વીકૃતિ, આ તારું મારું ... આ બધુ શા માટે ? કોના માટે ? શું ગુજરાતી સાહિત્ય કોઈની મિલકત છે ? વિદ્યાપીઠ ખાતે યોજાયેલ '' ચિનુ મોદીની શોકસભા રદ '' નો વિવાદ પણ ખુબ ચાલ્યો. પોતાના લેખમાં શ્રી કાનાભાઈએ લખ્યું છે કે 'અકાદમી સરકારી છે એ પરિષદની સ્પર્ધામાં છે. ' પણ અકાદમી એનું કાર્ય કરતી રહી છે. અને પરિષદ એનું. અને આ વાત સૌ લોકો જાણે છે. વળી આ લેખમાં સાહિત્યકારો માટે 'ટોપીવાળાઓ, પાઘડીવાળાઓ, ધોતિયાવાળાઓ, ટોપી પહેરાવનારાઓ, સદરાધારીઓ, ચશ્મીસ્ટોની જમાત, બાઘડબિલ્લાઓ... જેવા વિશેષણો વાપરીને સૌ સર્જકોના સર્જન અને વ્યક્તિત્વ સામે એક પ્રશ્નચિહન લગાવી દીધું છે. આ પ્રશ્નચિહન સૌ કોઈની આંખ ખોલી પણ શકે છે અને આંખ બંધ પણ કરી શકે છે. તા. ૧૨,એપ્રિલ,૧૭ના પોતાના પહેલા લેખમાં શ્રી કાનાભાઈ એક સરસ વાત લખે છે. ''જેમના પીંછા ખરી પડ્યા છે તેવા મયૂરો નર્તન કરી રહ્યા છે. કળા કરીને રૂમડાં (?) લઈ રહ્યા છે. મોર કળા કરે ત્યારે પાછળથી ઉઘાડો દેખાય છે.'' તો વળી ''નહોર અને દાંત વિનાના આ બાઘડબિલ્લાઓ લડી રહ્યા છે' આવી ભાષા વાપરવાની શા માટે જરૂર પડી ? જે સાહિત્યકારોને આજસુધી સમાજ સન્માનની નજરે જોતો આવ્યો છે તે જ સર્જકોને આજે બાઘડબિલ્લા કે ટોપી, ધોતિ, પાઘડી, ચશ્મા કે સદરાધારી તરીકે ઓળખીને હસે છે કે વ્યંગ્ય કરે છે. એનું મૂળ કારણ શું છે ? એક ઘરમાં વાસણ ખખડે ત્યાં સુધી વાંધો નહી પણ ઘરના ઝગડા ચોરે મંડાય અને કૉર્ટ સુધી પહોંચે ત્યારે આવા લેખો કે આવી ભાષા એક અરિસો લઈને આવવાની જ.

જો કે આ બન્ને લોખોમાં કેટલીક નકારાત્મક વાતો પણ છે લેખ – ૧માં લખે છે કે '' સાહિત્ય પરિષદ કે અકાદમી બેમાંથી કોઈ ગુજરાતી સાહિત્ય માટે કશું કરતા નથી. પોતપોતાના વાડાના લોકોને સાચવવા કે એકબીજાની પીઠ ખંજવાળવા સિવાય શું કરે છે ? '' આ બે વાતમાં પ્રથમ વાત સાથે સહમત થવાય એવું નથી. કેમ કે કોલમિષ્ટશ્રી પરિષદ કે અકાદમીની પ્રવૃતિઓ, પ્રકાશનો કે કોઈ પરિયોજનાઓ વિશે મૂળ સ્વરૂપે જાણતા હોય એવું લાગતું નથી. વળી સાહિત્ય એ કાંઈ કોઈ શૉ રૂમ કે મૉલમાં વેચાતી કોઈ પ્રોડક્ટ નથી કે રૂપિયા આપી ખરીદી લીધી અને ઘેર આવી તરત જ ઉપયોગ કર્યો. આ સાહિત્યની પ્રવૃતિઓ, વ્યાખ્યાનો, ચર્ચાઓ, પરિસંવાદો, પ્રકાશનો, મુશાયરાઓ, કવિ સંમેલનો અને પુરસ્કારો.... આ બધાથી એક વાતાવરણ રચાતું હોય છે. જેમાં અનેક ભાવકો, વિદ્યાર્થિઓ, નવોદિત સર્જકોનું ઘડતર થતું હોય છે. સાહિત્ય સર્જન એવું નથી કે એક બે ચર્ચાસ્પદ લેખ લખી નાખ્યા – અખબારમાં છપાઈ ગયા અને ચારેતરફ ચર્ચાઓ, વાહ વાહ થઈ ગઈ. સાચું સાહિત્ય સમયના તાપણામાં તપીને જ બહાર આવે છે. બાકીનું સોશિયલ મિડીયામાં બળીને ભસ્મિભૂત થઈ જાય છે. બાકી અત્યારનું વાતાવરણ થોડું બગડ્યું છે એ પણ સત્ય છે. ''પોતપોતાના વાડાના લોકોને સાચવવાની કે પીઠ ખંજવાળવાની '' વાત સત્ય છે. એકબીજાને ખંજવાળવાની પ્રવૃતિઓ અહી વર્ષોથી ચાલી રહી છે. અને ઘણાય તો એટલું બધું ખંજવાળવા લાગે છે કે પોતાના નખ જ તૂટી જાય અને સામેનાની પીઠ લોહીલુહાણ થઈ જાય છે. અને આ સત્ય સમજાય ત્યારે સમય જતો રહ્યો હોય છે.

શ્રી બાંટવાએ અકાદમીની સ્વાયતતા અને પરિષદના મુદ્દાની ચર્ચા કરતા '' જૂથ બંધી – વાડા બંધી '' તથા બીજા અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. જેમ કે ''પરિષદ લોકશાહી ઢબે ચાલે છે ખરી ?'' પરિષદના સભ્યોમાં કેટલા સાહિત્યકાર છે ? દાન આપનારા સભ્ય બની જાય વગેરે અનેક કડવા સત્યો ઉચ્ચાર્યા છે. તો વળી બીજા લેખ (તા.૧૯.૪.૨૦૧૭) માં પણ જે સાહિત્ય મનની ખુશી માટે, લોકો માટે લખાય છે લોકહિત માટે લખાય છે એવા સાહિત્યની બંધ બારણે યોજાતી મિટિંગોની પણ ટીકા કરીને એક નવો વિચાર આપ્યો છે કે આવી મિટિંગો જાહેરમાં થવી જોઈએ. જો પ્રજાકીય કામ થતા હોય તો પ્રજા વચ્ચે જવામાં શું વાંધો છે ? જો કે અહીયા શ્રી કાનાભાઈએ '' આ લોકો પાસે છુપાવવા જેવું તો શું હોય ? દેખાડવા જેવું પણ કશું નથી તો... ખોડાં ઢોરની પાંજરાંપોળમાંથી દૂધ ના મળે, હાડકાં અને ચામડાં મળે, સડી ગયેલાં, ગંધાતાં. ''એમ કહીને સૌ સાહિત્યકારોને ઉતારી પાડતી ભાષા પ્રયોજી છે. આવી ભાષા થોડી કઠે એવી છે. હા, અમુક તમુકની ચોક્કસ વાહ વાહ મળશે પણ એટલું ચોક્કસ યાદ રાખવું જોઈએ કે બધા જ સાહિત્યકારોની તેઓ ઠેકડી કે મજાક કરી રહ્યા છે ફિલ્મ ઉતારી રહ્યા છે. થોડેવત્તે અંશે અપમાનિત કરી રહ્યા છે એમાંથી જ કેટલાંક સાહિત્યકારોની કૃતિઓનો સ્કૂલ તથા કૉલેજમાં અભ્યાસ કરી કરીને અહી સુધી પહોંચ્યા છે અને હાલ આપણા બાળકો પણ આ સાહિત્યકારોની રચનાઓનો અભ્યાસ કરી રહ્યા છે. તીખી ભાષા જરૂર વાપરી શકાય પણ આજની સ્થિતિને જોતા જરૂર પણ છે પરંતુ અપમાનિત થાય એવી ભાષાથી તો બચવું જ જોઈએ. કેમ કે આવા લેખોની ભાષા બે દિવસમાં લોકો ભૂલી જવાના છે. પણ સાહિત્યની ભાષા લોકો યુગો સુધી સંસ્કારનું સિંચન કરેછે. વળી દસ વર્ષ માઈકથી દૂર રહેવાથી ગુજરાતી ભાષાનો બેડો પાર થઈ જશે. એવું કહેવાવાળા આપણે કોણ ? એમ બોડો પાર નથી થઈ જવાનો, માઈક, વક્તવ્યો, વ્યાખ્યાનો, પરિસંવાદો, સેમિનારો, કાર્યશાળાઓ, શિબિરો પણ જરૂરી છે. તેઓશ્રીએ ''ગુજરાતી ભાષામાં ચિરંજીવ સાહિત્યનો ટુકડો ક્યારે લખાયો હતો ?' એવો પ્રશ્ન રજુ કર્યો છે. તો સૌ પ્રથમ એમણે જ છેલ્લે કેટલું સાહિત્ય વાંચ્યું ? ક્યાં ક્યાં સર્જકોની કંઈ કંઈ કૃતિઓ વાંચી ? એવો પ્રતિપ્રશ્ન પૂછી શકાય. અત્યારે પણ એવા ઘણાય જુના ને નવા સર્જકો, કવિઓ છે જેઓની કવિતાઓ, વાર્તાઓ, નવલકથાઓ, નિબંધો, આત્મકથાઓ ચિરંજીવ છે. ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરી રહી છે. આ બધું અહી નામ સાથે પ્રસ્તુત થઈ શકે છે. પણ અસ્થાને છે. સાચા ભાવકો જાણે જ છે. બાકી વૃદ્ધ અને વરિષ્ઠ સાહિત્યકારોના વિદ્વતાભર્યા વ્યાખ્યાનોને '' ઘરડા ઘુવડોના ભાષણો '' કહેવા એ કેટલે અંશે ઉચિત છે ? આ કેવા પ્રકારની ભાષા ? કેવા પ્રકારનું પત્રકારત્વ છે ? આપણા એકાદ બે લેખ કે વિચારના કોઈક લાગતા

અનુસંધાન પાના નં. ૭ પર

મન એટલે શું? મન વિશે મનન

વિચારસભા
પી.એમ. પરમાર

પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ - પંચ મહાભૂત, આંખ, કાન, નાક, જીભ, ત્વચા - પાંચ તન્માત્રા, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - એ પાંચ અંતઃકરણ અને આત્મા - કુલ ૨૫ (પચ્ચીસ) તત્ત્વોનું આ શરીર બનેલું છે. આત્મા પછીનું શ્રેષ્ઠ તત્ત્વ એ જ પરમાત્મા.

જયાં સુધી સમુદ્રનું અસ્તિત્વ છે ત્યાં સુધી મોજાં-તરંગોનું અસ્તિત્વ છે એવું સમજવું. અખરોટ જેવું આપણું મોટું મગજ એ સમુદ્ર છે અને જે તરંગો છે તે મનના વિચારો છે, જયાં સુધી મન છે ત્યાં સુધી વિચાર છે. આપણા મોટા મગજમાં સો બિલિયન ન્યૂરોન્સ (જ્ઞાનતંતુઓ) છે, જ્ઞાનતંતુઓનું એકબીજા સાથે જોડાણ થાય તેને ડેન્ડ્રાઈટ કહે છે જે થકી આપણા દરેકના મનમાં ૧૦૦ X અબજ X અબજ એટલે કે ૧૦ (દસ) ઉપર ૨૦ (વીસ મીંડાની જેમ સંખ્યા થાય તેટવી માહિતી હરપળે હરક્ષણે સંગ્રહિત થયેલી હોય છે જ.

કોઈ ગાંધીનગર નિવાસી દર વર્ષ અગાઉ અમેરિકા જઈ આવેલ હોય તે જે મોટેલમાં રહ્યા હોયતે દસ વર્ષ પછી આજે અત્યારે પણ યાદ કરે તો સ્વીચ પાડો અને ગોળો પ્રકાશે તે ત્વરાથી નજર આગળ હૂબહૂ આવી જાય તેવો દરેકનો જાત અનુભવ છે. વૈજ્ઞાનિકોના મતે ચોવીસ કલાકમાં આપણા મનમાં કુલ : ૭૦,૦૦૦ (સિત્તેર) હજાર વિચારોની આવ-જા રહ્યા કરે છે. આ થઈ મનની પ્રાથમિક માહિતી, હવે આગળ વધીએ.

માનવીનું મન જ બંધન છે અને મુક્તિ પણ છે. મનુષ્યોનાં બધાં દુઃખોનું મૂળ મન છે. નારદ પુરાણમાં આ વિશે ખૂબ જ પ્રચલિત એક શ્લોક છે :

મન અને મનુષ્યાણાં કારણ બન્દ મોક્ષયો :;
બન્ધસ્ય વિષયાસંગિ મુક્તે નિર્વિષયં તથા.

અર્થાત્ 'મનુષ્યનાં મન જ બંધન અને મુક્તિનું મુખ્ય કારણ છે. વિષયાક્ત મન બંધન છે. અનાસક્ત મન એ મોક્ષ છે.' મનમાં જેટલા વિચારો ઓછા તેટલા વધારે તમે સુખી. ઘણા કહે છે કે મનને વિચારોથી તદ્દન મુક્ત કરી દો પણ આ શક્ય નથી. તમે કોઈ ઘરને હવાથી સંપૂર્ણ મુક્ત કરી શકો ખરા? ના. મન વિચાર કરવા માટે જ છે. ઘોડો દોડવા માટે જ છે એને ખીલે બાંધી રાખો તો પછી ઘોડો નથી રહેતો. ઘોડાને લગામ લગાવી ઘોડાગાડી આરામથી ચલાવી શકો છો. આ ઘોડાનું જીવવું સાર્થક છે.

મનનું પણ આવું જ છે. વિચારો તો આવવાના જ છે જેમ પાણીમાં સ્વયંભૂ પરપોટા પેદા થાય છે અને ફૂટી જાય છે. વિચારોને સ્વનિયંત્રિત કરવાના છે. કાંટાથી કાંટો કાઢો તેમ મનને મનથી જ વશમાં રાખવાનું છે. વિચારો જે સારા છે તે વધારવાના છે જે ખરાબ છે તે ઘટાડી દેવાના છે. સંસારમાં રહેવાનું છે પણ તમારામાં સંસાર રાખવાનો નથી. આસક્તિ ઘટાડી ભક્તિ વધારવાની છે. મનના વિચારોને પેલા ઘોડાની લગામની જેમ યોગ્ય દિશા આપવાની છે. આપણી દશા ખરાબ છે કારણ કે આપણી દિશા ખરાબ છે.

જહાજ પાણીમાં ચાલવા માટે છે પણ જો પાણી જહાજમાં ભરાય તો શું થાય? વહાણ ડૂબી જાય. ફૂગ્ગો ભલેને હવા ભરવાથી ગમે તેટલો ફૂલાડવામાં આવે પણ એક સોયની અણી જેટલું છિદ્ર પણ હવા કાઢી નાખે છે એવું ભલેને તમારું ચારિત્ર્ય ઉત્તમ હોય પણ એક જ કુવિચાર તમને કલંકિત બનાવી મૂકે છે. લંકાનો રાજા રાવણ બળવાન હતો; સોનાની લંકા હતી, નવગ્રહો સેવકો હતા પણ સિતાજી ઉપરની એક કુદૃષ્ટિ તેના અને લંકાના વિનાશનું કારણ બની. મનમાં જાગેલી વાસનાનું પરિણામ.

મન જીત્યું તેણે અહીં, જગ જીગ્યું તું જાણ;
મનને જે જીતે અહા, વિશ્વ વિજેતા માન.

વિશ્વવિજેતા નેપોલિયન ચાલુ યુદ્ધે પણ મનને આદેશ આપી ઊંઘી જતા એટલે કાબૂ મન ઉપર હતો. આપણે આખી રાત પડ્યાં ફેરવવાં પડે એ ઉપરથી અંદાજ લગાવો કે આપણા ઉપર જ મન કેટલું હાવી છે! મન વિશે ઘણી ઉક્તિઓ છે : મન ચંગા તો કથરોટમાં ગંગા, મનને મનાવે એ માનવી, મન કે જીતે જીત, મન કે હારે, મન હોય તો માળવે જવાય - એ મનનું મહત્ત્વ સમજાવે છે. આ દુનિયામાં મનસુખ બીજું કોઈ નથી.

વડના નાનકડા ટેટામાં અસંખ્ય બીજ હોય છે એ જ રીતે મનમાં ઉદ્‌ભવ થતા દરેક વિચારબીજમાં વિરાટ તાકાત હોય છે. એકલવવ્ય ગુરુ વગર પણ અર્જુનની સવાયો બાણાવળી બન્યો હતો તે મનની તાકાત છે. સો લિટર દૂધમાં છાશનું એક ટીપું પડે અને દૂધની જે હાલત થાય એવી જ આંધળાના પુત્રો આંધળા જ હોય એવા વચનની મહાભારત સર્જાયું અને સો વર્ષથી જયાં અંધારું હોય ત્યાં કોડિયાની એક જયોત એક સેકન્ડમાં પ્રકાશ ફેલાવી દે તેમ - આ તું લૂંટફાટ કરે છે એ પાપમાં તારું કુટુંબ ભાગીદાર છે? એવા વાણિલા લૂંટારાને નારદે પૂછેલા એક પ્રશ્નના જવાબથી વાલિયા લૂંટારામાંથી આપણને વાલ્મિકી ઋષિ મળઅયા અને વિશ્વનું સર્વપ્રથમ મહાકાવ્ય રામાયણ મળ્યું જે મનના વિચારોની તાકાતના સારા-નરસા ઉદાહરણો મોજૂદ છે જ.

કદમ અસ્થિર હો તો એને કદી રસ્તો જડતો નથી;
અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી.

મનને નમાવવાનું નથી, મનાવવાનું છે. થડને પકડી લો તો ડાળ, પાંદડાં, ફળ ફૂલ બધું તમારું છે; ઘરનો મોભ આખા ઘરનો ભાર ઉપાડી લે છે, પરિવારમાં એક વડીલ ઘરને ઘર બનાવે છે - એવું જ શરીરમાં મનનું છે.

જયાં જયાંથી ચળી જાય, મન ચંચળ અસ્થિર,
ત્યાં ત્યાંથી નિયમે લાવી આત્મામાં કરવું વશ;
પ્રશાંત મન, નિષ્પાપ, બ્રહ્મરૂપ થયેલ આ,
શાંત-વિકાર યોગીને મળે છે સુખ ઉત્તમ

(શ્રી